513
5(a)(1)

નં.સુડાવિપઆયુ-ટાટી.પી.એસ.૨૩(કોસાડ)/૨૯૭ તા.

૧૧ । ૯ ।૨૦૦૨
સુરત.

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪ નવમો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર.

<u>વિષયઃ-</u> મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩(કોસાડ)સુડાસુરત ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૮(૧) મુજબ રાજય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે તા.ચોર્યાસી ગામના મોટાભાગના વિકસીત વિસ્તારમાં નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં નગર રચના યોજના બનાવવા માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ની રૂબરૂ ચર્ચા તથા લેખિતમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર ના પત્ર નં.નરયોસુરત નં. ૨૩(કોસાડ)/સુડા/દ.ગુ./૫૩૦૪ તા.૧૯-૦૮-૨૦૦૦ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નક્કી કરેલ હદ માટે અનુમોદન આપેલ છે, જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળ તા.૨૧-૧૦-૨૦૦૦ની ૧૭૫મી બોર્ડ બેઠકના ઠરાવનં.૨૧૩૫થી (નકલ સામેલ છે) ઉક્ત અધિનિયમ ની કલમ-૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ જેના અનુસંધાને દૈનિક વર્તમાન પત્ર ગુજરાત મિત્રમાં તા.૧૮-૧૧-૨૦૦૦ ના રોજ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની સરકારીઅર્ધસરકારી કચેરીઓ અને સંબંધિત વિસ્તારની અગત્યની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે) ઈરાદો જાહેર કરતા અધિસૂચનની પ્રસિધ્ધિ કરવામાં આવેલ. ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં તા.૦૬-૧૧-૨૦૦૦ના રોજ ભાગ-૨ ના પાના નં.૧૯૩,૧૯૪ પર જરૂરી પ્રસિધ્ધ કરવામાં આવેલ તથા સરકારશ્રી નાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગર ને તા.૦૪-૧૧-૨૦૦૦ની પ્રસિધ્ધિ અંગે મેનેજરશ્રી । સરકારશ્રી । પ્રેસ રાજકોટને લખાયેલ પત્ર નકલ ના પત્ર પાઠવી સરકારશ્રી ને જાણ કરેલ છે.(નકલ સામેલ છે)

પ્રસિધ્ધ થયેલ ઈરાદા મુજબ, નક્કી થયેલ વિસ્તાર માટે જરૂર મોજણીઓ, માહિતી ની કાર્યવાહીઓ પૂર્ણ કરીને તેમજ 'રીકોસ્ટીટયુશન પ્લાન' તૈયાર કરીને સત્તામંડળમાં અન્ય કામગીરીના ભારણને ધ્યાને લઈ જેવી કે મુ.વિ.યો. ની દરખાસ્તો માં ફેરફાર, ભૂકંપને કારણે તેમજ નવા ડી.પી.ઓ અને બિનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા અંગેની કાર્યવાહી વિ. હોવાથી સમય મર્યાદામાં પૂર્ણ થઈ શકે તેમ ન હોવાથી અત્રેની કચેરીનાં બોર્ડ ની૧૭૮ મી બેઠક તા.૧૮-૦૬-૨૦૦૦ થી ઠરાવનં.૨૧૭૯ થી કાયદાકીય જોગવાઈઓ મુજબ વધુ ત્રણ માસની મુદત મળવા પાત્ર હોઈ, સરકારશ્રી ને મુદત વધારવા અંગેની દરખાસ્ત તૈયાર કરીને અત્રેની કચેરીના તા.૧૫-૦૬-૨૦૦૧

i.સુડાયુ-ઓનરમો૨૭(કોસાડ)I૯૮૮I૪૦૦૧ મંજુરી માટે મોકલી આપવામાં આવ્યુ
l નકલ સામેલ છે) મંજુરી ની અપેક્ષા એ નગર રચના યોજનાની આગળની
l જરૂરી મોજણીઓ । માહીતી । કાર્યવાહી પૂર્ણ કરીને સત્તામંડળ દ્વારા ઉક્ત
યમ ની કલમ-૪૨(૧) મુજબ તૈયાર કરેલ નગર રચના યોજનાનો મુસદ્દો
ો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના નિયમ-
મુજબ જમીન માલિકોની એક સભા (ઓનર્સ મીટીંગ) બોલાવવાનું નક્કી થતાં તે
સ્થાનિક દૈનિક વર્તમાન પત્ર ગુજરાત પ્રભા અને સંદેશમાં તા.૦૪-૧૦--૨૦૦૧ ના
જાહેરાત આપેલ. (નકલ સામેલ છે) સદરહુ નિયમ માં જણાવ્યા પ્રમાણે જમીન
ોના ઉપલબ્ધમાં સંબંધકો કે જેના સરનામાંની જાણ હતી તેને વ્યકિતગત રીતે
ો પાઠવી તે તથા સંબંધિત વિસ્તારમાં મહત્વની જગ્યાઓએ આ અંગેની જાહેર
ની પ્રસિધ્ધિ કરીને પ્રસિધ્ધ કરવામાં આવેલ (નકલ સામેલ છે) જે મુજબ તા.૦૬-
૦૧ના રોજ શનીવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે અમરોલી
ગ, વિવિધ કાર્યકારી સહકારી મંડળી ઉત્રાણ રેલ્વે સ્ટેશન સામે અમરોલી મુકામે
ન માલિકો હીત સંબંધિત વ્યકિતની મીટીંગ બોલાવવામાં આવેલી હતી. જે બાદ
ી કાર્યવાહી કરી, ઉક્ત અધિનિયમ ની કલમ-૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના
ના વિહિત રીતે પ્રસિધ્ધ કરવાનું સત્તામંડળ ની તા.૮-૬-૦૧ની બોર્ડ બેઠક નં.૧૮૧
ઠરાવનં.૨૨૦૮થી (નકલ સામેલ છે) ઠરાવવામાં આવેલ ઉક્ત અધિનિયમ ની કલમ-
(૧) મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના અંગે વાંધા સૂચનો મંગાવવા માટે
.૧૯-૧૦-૦૧ના અધિસૂચનાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ(નકલ સામેલ છે) જેની સ્થાનિક
ેક વર્તમાન પત્ર ગુજરાત ટાઈમ્સમાં તા.૧૨-૧૦-૦૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ
(નકલ સામેલ છે). તથા ગુજરાત સરકારશ્રી નાં એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટનાં ભાગ-૨
પર તા.૧૬-૧૦-૦૧નાં રોજ પાના નં.૧૭૪ ઉપર પ્રસિધ્ધ થયેલ છે(નકલ સામેલ છે)
અન્વયે ઓનર્સ મીટીંગ બાદ સ્કીમ પ્રસિધ્ધ ની સમય મર્યાદા (તા.૦૬-૧૦-૨૦૦૧
l તા.૧૬-૧૦-૨૦૦૧) દરમ્યાન કોઈ વાંધા સૂચનો મળેલ નથી. પરંતુ સ્કીમની પ્રસિધ્ધ
અન્વયે એક માસની કાયદાકીય સમય મર્યાદા (તા.૧૬-૧૦-૦૧ થી તા.૧૫-૧૧-૦૧) સુધી
ાં દરમ્યાન મળેલ વાંધા સૂચનો બાબતની જરૂરી પરિશિષ્ટ 'અ' તૈયાર કરી સામેલ
કરેલ છે જેને અત્રેની બોર્ડ બેઠક નં.____ તા.૧૯-૧૨-૨૦૦૧ થી ઠરાવ નં.____
થી બહાલી મળેલ છે. જે મુજબ ઉપરોક્ત મુસદ્દા રૂપ નગર રચના યોજના
નં.૨૭(કોસાડ) બાબતે મળેલ કુલ ૧૯ વાંધા અરજીઓ ધ્યાને લેતા, ઉક્ત અરજીઓ પૈકી
બે અરજીઓ સ્કીમ વિસ્તારની હોવાની ધ્યાને આવેલ છે. બાકીની વાંધાઓ પૈકી જે
ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતા તે મુજબ ના સૂચનો ને આવરી લઈ, જરૂરી દરખાસ્તો
તૈયાર કરવામાં આવેલ છે. ઉપરોક્ત સ્કીમ બાબતે જમીન માલિકો તથા તે વિસ્તારના
કાર્યકરો દ્વારા પણ આ બાબતે રજુઆત કરવામાં આવેલ, જે તમામ હકીકતો, મુદ્દાઓને
લક્ષે લઈ હયાત સ્થાનિક પરિસ્થિતિ મુજબ વાસ્તવિક રીતે ન.ર.યો.નો અમલ થઈ શકે,
તે દ્રષ્ટિબિંદુને લક્ષમાં રાખી સદર મુ.ન.ર.યો.ની દરખાસ્તો સૂચવવામાં આવેલ છે.
પ્રસ્તુત સ્કીમ પ્રસિધ્ધ થયાની તારીખ થી ઉક્ત કાયદાની કલમ-૪૮(૧) હેઠળ જરૂરી
માહીતી વિગેરે સહ સરકારશ્રી ને સાદર કરવાની મુદત તા.૧૫-૦૨-૦૨ના રોજ પૂરી
થાય છે. આથી સંત્તામંડળની તા.૨૯-૧૨-૨૦૦૧ની બોર્ડ બેઠકનં.____માં ઠરાવ્યા મુજબ
ઠરાવનં.____ થી (નકલ સામેલ છે) પ્રસ્તુત નગર રચના યોજના ની આગળની
તમામ કાયદેસર ની કાર્યવાહી કરવા આપેલ સૂચના અન્વયે સદરહુ મુસદ્દારૂપ નગર
રચના યોજના નં.૨૭(કોસાડ)IસુડાIસુરત, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ
અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રી માં મંજૂરી અર્થે સાદર કરવામાં
આવેલ છે. અને આ અંગે આવેલ વાંધા સૂચનો ના મુદ્દાઓ તે અંગે સ્થળ ચકાસણી
અને કાયદાકીય જોગવાઈઓ લક્ષે લઈ જરૂરી સુધારા-વધારા કરી પત્રકો ની વિવરણની
વિગતો એ ફેરફાર કરી તદ્અન્વયે જરૂરી સાહીત્ય તથા મૂળ વાંધાસૂચનો (અસલ એક
અરજી) સામેલ રાખી રાજય સરકારશ્રીને તથા અસલ અરજી ની ઝેરોક્ષ નકલો પૃથ્થકરણ
કરી અન્ય સેટમાં સામેલ રાખેલ છે. વધુમાં વિકાસ યોજનાનો વિભાગીય નકશો નગર
રચના યોજનાની હદ સહીત આ સાથે સામેલ રાખેલ છે.

આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનોIહદ વિસ્તાર અંગે અથવા યોજના મંજૂર
કરવા બાબતે નામદાર કોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ જણાતો નથી. તેમજ હાલ કોઈ
કોર્ટ મેટર પણ ચાલુ નથી.

સદર હકીકતે ઉક્ત યોજનાને કાયદાકીય કલમ-૪૮(૧) ની જોગવાઈઓએ નિયત સમય મર્યાદામાં રાજ્ય સરકારશ્રીની મંજુરી આપી તેને અંતિમ કરવા સારૂ નગર રચના અધિકારીશ્રીની નિમણૂંક પણ કરવા વિનંતી છે.

5(e)(3)

517

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત.

બિડાણ:-

૧) ઉપર મુજબના પાના નં. ૧ થી

૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો આમેજ કરતો ચોપડો નંગ-૧ જેમાં

ક) લીગલ ફોર્માલીટીઝ એન્ડ ડોક્યુમેન્ટસ

ખ) ઈન્ટ્રોડક્શન અને સેલીયન્ટ ફીચર્સ

ગ) વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણો નું પત્રક

ઘ) સેલ્સ સ્ટેટમેન્ટ

ચ) ફોર્મ-એફ (રીડીસ્ટ્રીબ્યુશન અને વેલ્યુએશન પત્રક)

છ) ફોર્મ-જી (ફાયનાન્સ અને કામના અંદાજો)

જ) વિકાસ નિયંત્રણ નિયમો । નોંધ)

ઝ) ઈન્ડેક્ષ પ્લાન

ટ) મૂળખંડ નો નકશો

ઠ) મૂળખંડ તથા અંતિમ ખંડ નો નકશો

ડ) અંતિમ ખંડ નો નકશો

ઢ) સર્વિસ પ્લાન

ણ) સેલ્સ પ્લાન

૩) જાહેર જનતા તરફથી મળેલ વાંધા સૂચનો ની મુળ અરજીઓ (સેટ-૧) તથા અન્ય એક સેટ ઝેરોક્ષ પૃથ્થકરણ પત્રક સાથે

૪) વિકાસ યોજનાનો વિભાગીય નકશાની નકલ

<u>નકલ સવિનય રવાના</u>:-

૧) મુખ્ય નગર નિયોજકશ્રી,

ગુજરાત રાજ્ય,

ગાંધીનગર. તરફ બિડાણ-૧ તથા બિડાણ-૨ ની બે બે નકલો સહીત તથા બિડાણ-૩ના એક સેટ સહિત આથી સરકારશ્રીમાં સ્કીમ મંજુર કરવા ભલામણ કરવા તથા એક્ટની કલમ-૫૦ ના સુધારેલ કાયદા મૂજબ નગર રચના અધિકારીશ્રીની નિમણૂંક કરવા બાબતે યોગ્ય થવા સારૂ.

૨) પ્રવર નગર નિયોજકશ્રી,
નગર આયોજન અને મુલ્યાંકન ખાતું,
દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી,